નવી સેવા વર્ષ ૨૦૧૯-૨૦

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ સેજા/સેક્ટર કચેરીઓના મકાન બાંધકામ માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૨૦૬/બ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૯-૦૮-૨૦૧૯

ઠરાવ:-

ગુજરાત રાજ્યમાં ઘટકના સેજામાં ફરજ બજાવતા મુખ્ય સેવિકાએ તેઓના તાબા હેઠળની આંગણવાડી કેન્દ્રોના મુલ્યાંકનની કામગીરી, વહીવટી, યોજનાકીય તથા હિસાબી કામગીરી તેમજ સેક્ટર મીટીંગની કામગીરી સરળતાથી કરી શકે તથા સેજાને લગતા તમામ રજીસ્ટરો તથા જરૂરી વહીવટી રેકર્ડ રાખી શકે તે માટે સેકટર/ સેજાનું મકાન બનાવવુ આવશ્યક છે. આથી ગુજરાત રાજ્યના તાલુકામાં આવેલ ઘટકમાં ૨૫ આંગણવાડી કેન્દ્ર દીઠ સેક્ટર/સેજો બનાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

વર્ષ ૨૦૧૯-૨૦ માં કુલ - ૨૧ સેક્ટર કચેરીના બાંધકામ અંગેની નવી બાબત માટે રૂ.૧૨.૩૭ લાખ યુનિટ કોસ્ટ લેખે રૂ. ૨,૬૫,૦૦,૦૦૦/- (રૂ. બે કરોડ પાસઠ લાખ પુરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૧૦) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૧) રેલવે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતા પહેલા જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૧૨) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૪) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકરશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૫) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહિ.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૪૨૩૬ પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ |
| પેટા મુખ્ય સદર | : | (૦૨) પોષણ યુક્ત આહાર અને પીણાંનું વિતરણ |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૦૧- એનટીઆર-૦૫, નમૂનારૂપ આંગણવાડીનું બાંધકામ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૫/૦૮/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
3. માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી "આયોજન" ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.
10. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
11. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
12. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ.
13. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
14. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
15. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.

16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
17. મહિલા અને બાળ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
18. **સિસ્ટમ** મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર – **વેબસાઈટ** પર અપલોડ કરવાની વિનંતી સહ.
19. **શાખા** સિલેક્ટ ફાઇલ.